ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત

FAX : (079) 26302654
Tele. Phone : 26301341-26300342-43, 26300126
Grams : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

(NAAC Accredited B++)
www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY,
POST BOX NO. 4010, NAVRANGPURA,
AHMEDABAD-380009 (INDIA).

પરીક્ષા નં./૪-અ/૨૭૭૬૧/૨૦૧૨ તા. ૫-૦૭-૨૦૧૨

પરિપત્ર નં. : ૧૩૭

**માત્ર આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ, બી.બી.એ., બી.સી.એ.ના વિદ્યાર્થીઓ માટે જ**

શ્રીમાન,

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચોઈસ બેઈઝડ ક્રેડીટ સિસ્ટમ અનુસ્નાતક કક્ષાએ સને ૨૦૧૦થી અને સ્નાતક કક્ષાએ સને ૨૦૧૧થી શરૂ કરેલ છે. અનુસ્નાતક કક્ષાની પરીક્ષાના બે વર્ષના અને સ્નાતક કક્ષાની પરીક્ષાનાં એક વર્ષનાં અનુભવે જણાયેલ છે કે આ પરીક્ષાના જો એક સેમેસ્ટરમાં વિદ્યાર્થી કોઈ પણ પેપરમાં કે આખી પરીક્ષામાં નાપાસ થાય તો તેને તે પરીક્ષા પાસ કરવા માટે ફક્ત એક જ વધારાનો ચાન્સ મળે છે. જ્યારે વાર્ષિક પદ્ધતિમાં આવા વિદ્યાર્થીઓને A.T.K.T. મળવાપાત્ર હતી જે પાસ કરવા માટે તેઓને બેથી ત્રણ વખતના પ્રયત્નો મળતા હતા. આમ થવાથી સેમેસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જે કેરીડ ફોરવર્ડનો લાભ આપવામાં આવેલ છે. તેમાં આ મુખ્ય ત્રુટી રહી જવા પામેલ હોઈ આ બાબત અંગે પુખ્ત વિચારણા બાદ એવું ઠરાવવામાં આવે છે કે હવે એટલે કે જૂન-૨૦૧૨થી જે વિદ્યાર્થીઓ સેમેસ્ટરમાં એક અથવા એક કરતાં વધારે વિષયોમાં જો નાપાસ થાય તો પણ તેઓને નીચે મુજબ કેરીડ ફોરવર્ડનો લાભ આપવામાં આવશે.

(૧) અનુસ્નાતક કક્ષાએ ભણતા વિદ્યાર્થીઓ જે તે સત્ર મંજૂર થયે સેમેસ્ટર ૧થી ૩ની પરીક્ષામાં તેઓનાં કોર્સીસ પાસ કરે કે ના કરે તો પણ તેમને આગળના સેમેસ્ટરમાં પ્રવેશ આપવો. આમ તેઓ ૪થા સેમેસ્ટરનો અભ્યાસ ચાલુ રાખી શકશે.

(૨) સ્નાતક કક્ષાએ ભણતા વિદ્યાર્થીઓ જે તે સત્ર મંજૂર થયે સેમેસ્ટર ૧ થી ૪ની પરીક્ષામાં તેઓનાં કોર્સીસ પાસ કરે કે ના કરે તો પણ તેમને આગળના સેમેસ્ટરમાં પ્રવેશ આપવો. આમ તેઓ પાંચમા સેમેસ્ટરમાં જઈ શકશે. પરંતુ છઠ્ઠા સેમેસ્ટરમાં જવા માટે ૧ થી ૪ સેમેસ્ટરની તમામ ક્રેડીટ મેળવવાની રહેશે, એટલે કે ૧થી ૪ સેમેસ્ટર પાસ કરેલા હોવા જોઈએ.

કા. કુલસચિવ

નકલ રવાના :
ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ, બી.બી.એ., બી.સી.એ. કૉલેજોના આચાર્યશ્રીઓ તરફ.
પુછપરછ વિભાગ